મોબાઈલ૯૮૨૫૪૭૩૬૬૫



## આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

### આજનું પંચાંગ

| | |
|---|---|
| ઉદિત તિથિ | શુક્લ પક્ષ નવમી સવારે ૭:૪૧ સુધી, ત્યાર બાદ દશમી |
| વાર | રવિ |
| નક્ષત્ર | ધનિષ્ઠા તા. ૨૬ની વહેલી સવારે ૪:૨૩ સુધી, ત્યાર બાદ શતભિષા (શતતારા/શતતારકા) |
| કરણ | કૌલવ સવારે ૭:૪૧ સુધી, ત્યાર બાદ તૈતિલ રાત્રે ૮:૧૬ સુધી, ત્યાર બાદ ગર |
| યોગ | ગંડ તા. ૨૬ના ૦૦:૨૯ સુધી, ત્યાર બાદ વૃદ્ધિ |
| આજની રાશિ | મકર બપોરે ૩:૨૭ સુધી, ત્યાર બાદ કુંભ |
| રાશિના અક્ષરો | ખ. જ. બપોરે ૩:૨૭ સુધી, ત્યાર બાદ ગ. શ. સ. |

### આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

**મેષ (અ. લ. ઈ.)** વૈચારિક વમળો થોડા શાંત પડશે. સવારથી બપોર સુધીનો સમય કદાચ ધીમો અથવા આળસમાં પસાર થાય. બપોર પછી મિત્રો સાથે સંપર્ક કે વાતચીત થાય. આજે કોઈ મહત્વની ઘટનાઓ ન બને. બિઝનેસ કરતાં હોવ તો દિવસના બીજા ભાગમાં નવો ઓર્ડર મળે અથવા પેમેન્ટને લાગતાં સમાચાર મળે.

**વૃષભ (બ. વ. ઉ.)** આજે બપોર સુધી તો ઘરનાં મહત્વનાં કાર્યો પાછળ સમય વ્યતિત થવાની શક્યતાઓ છે. ત્યાર બાદ, બની શકે કે આપ આરામ કરવાનું જ પસંદ કરો. આજે બીજા લોકોનું સારું જોઈને અદેખાઈ તો કદાચ ન થાય પણ એવું બને કે આપ પણ તેમના જેવી વસ્તુઓ ખરીદવા કે તેમના જેવા બનવા કોશિશ કરો.

**મિથુન (ક. છ. ઘ)** સવારથી બપોરનો સમય માધ્યમ છે પણ બપોર પછી અણધારી મદદ મળી જતાં આનંદમાં વધારો થાય. જરૂરી નથી કે આ હેલ્પ કોઈ વસ્તુની જ હોય. કદાચ કોઈક મુદ્દે, કોઈક બાબતે કોઈક સલાહ આપે તેવું પણ બને. વિશેષ આનંદ એ વસ્તુનો થાય કે આજનો દિવસ ઓછા ઘર્ષણ સાથે પસાર થાય. જાણે બધાં પાસાં આપની તરફેણમાં પડતાં હોય, તેવી લાગણી થાય.

**કર્ક (ડ. હ.)** આજે દિવસની શરૂઆત – દિવસનો ટેઈક-ઓફ માધ્યમ ગતિએ થાય. આપ મહત્વનાં કામો પણ ટાળવા કોશિશ કરો તેવું બને. દિવસ જેમ આગળ વધે તેમ ગુઢ વિદ્યાઓ પરત્વે રુચિ વધે. આપને એમ થાય કે રહસ્યમયી વિદ્યાઓ કે બાબતોથી જીવનમાં ફેરફાર આવી શકતો હોય તો પ્રયાસ કરવો જોઈએ. આજે નજીવી બાબતે આપ લાગણીશીલ થઈ જાઓ તેવું બને.

**સિંહ (મ. ટ.)** બપોર સુધીનો સમય રૂટિન કામોમાં થોડી મહેનત અને સંઘર્ષ દર્શાવે છે. ત્યાર બાદ, ધીરે ધીરે બધું થાળે પડતું જશે. દિવસના ઉત્તરાર્ધમાં આપને જીવનસાથી કે પ્રિય પાત્ર સાથે સારો સમય પસાર કરવા મળે. પ્રેમ કરવાની અને પ્રેમ પામવાની ઈચ્છાઓ બળવાન બને. સામાજિક રીતે આપ વ્યસ્ત થાઓ અને જો રૂબરૂ કોઈને મળવાનું ન હોય તો સોશિયલ મીડિયા પર એક્ટિવ થાઓ તેવું બને.

**કન્યા (પ. ઠ. ણ)** બપોર સુધીનો આપનો સમય વિવિધ બાબતોના આયોજન પાછળ પસાર થાય. આપ આયોજનમાં મહેર છો એટલે અન્ય લોકોને પણ તે અંગે માર્ગદર્શન આપી શકો. બપોર પછી, તબિયતમાં થોડી નરમાશ આવે. શરીરને અથવા મનને આરામની જરૂર છે તેમ જણાય. રોજની સરખામણીએ આજે વહેલા સુઈ જજો, હોં ને!

**તુલા (ર. ત.)** આજે આપ પરિવારજનો અંગે રોજના પ્રમાણમાં વધુ વિચારશો. માતા સાથે સંવાદો થાય અથવા તેમની તબિયત અંગે ચિંતા રહે. દિવસના બીજા ભાગમાં આપ કોઈ પ્લાન બનાવો અને તેમાં સંજોગોવશાત ફેરફાર થાય એવું બને. ધારો કે, આપ બહાર જવાનું વિચારતાં હોવ પણ કોઈ અરજન્ટ કામો આવી જાય અથવા કોઈ ઘરે આવી જાય.

**વૃશ્ચિક (ન. ય.)** આજે ભાઈ-બહેનો સાથે ખોટી જીભાજોડીમાં ન ઉતરવું. પડોશીઓ સાથે ઘર્ષણ થવાની શક્યતાઓ પણ નકારી શકાય તેમ નથી. બપોર પછી આપ ઘર-ગૃહસ્થી પરત્વે ધ્યાન આપશો. વડિલો સાથે સંપર્ક કરશો અને તેમને સમજવા કોશિશ કરશો. આજનો દિવસ પુણ્ય-કાર્ય કરવા માટે પણ ઉત્તમ છે. નકારાત્મકતાનો ત્યાગ કરી અને સકારાત્મક અભિગમ અપનાવજો.

**ધન (ભ. ફ. ધ. ઢ)** ગઈકાલની આર્થિક મુંઝવણો આજે ઓછી થાય. ઉઘરાણી કરવા માટે અથવા આર્થિક આયોજનો માટે ઉત્તમ સમય. કોઈ પણ વસ્તુની લે-વેચ માટે પણ આજનો દિવસ સારો છે. જે લોકો જુની વસ્તુ બદલીને નવી લેવા ઈચ્છે છે, તેમણે આજના દિવસનો લાભ લેવો જોઈએ. સાંજનો સમય ધાર્યા કરતાં વધારે સારો પસાર થાય અને માનસિક શાંતિનો અનુભવ આપે.

**મકર (ખ. જ.)** દિવસની શરૂઆતમાં થોડું થોડું આળસ થાય. ઝાઝું વિચારવું કે વાત કરવું ગમે નહીં. જેમ દિવસ આગળ વધે, એમ આપનો મૂડ બદલાતો જાય. સાંજે આપ સરસ મૂડમાં પણ હોવ અને લોકોની સાથે નેટવર્કિંગ પણ કરો. એમાં ય આર્થિક બાબતોમાં જે વ્યક્તિઓ સાથે આપ ચર્ચા કરો, તે લોકો સાથેનો વાર્તાલાપ બહુ સારો રહેશે. ટૂંકમાં આજે બપોર પછી, પૈસાનું પ્રાધાન્ય હોય તેવી વાતો થાય.

**કુંભ (ગ. શ. સ.)** આજે દિવસની શરૂઆત દરમ્યાન આપને કોઈ મહત્વનું (ઘરનું કે બહારનું) કામ હાથ ધરવાની ઈચ્છા થશે. કદાચ કોઈ કારણસર આપ એકલતા અનુભવી રહ્યાં છો અથવા તો બહુ સારાં મૂડમાં નથી. બપોર પછી માનસિક વાતાવરણ અને માનસિક સમીકરણો બદલાશે અને આપ કોઈ કામ અંગેનું ઈનીશીએટીવ લેશો. આપને લાગશે કે અન્ય લોકોની બદલે પોતાની જાતને મહત્વ આપવું જરૂરી છે.

**મીન (દ. ચ. ઝ. થ)** આજનો દિવસ આપના માટે સારી શરૂઆત લઈને આવશે. સવાર સવારમાં સારી વાત થાય, કે સારાં સમાચાર મળે. જેમ દિવસ આગળ વધે તેમ આપ અનુભવો કે હવે કશુંક જુદું થવા જઈ રહ્યું છે. દિવસના ઉત્તરાર્ધ દરમ્યાન આપ થોડી ઉદાસીનતા અનુભવો. અપરણિત લોકોને મિત્ર કે જીવનસાથીની ખોટ સાલે. પરણિત લોકોએ નાહકની વ્યથા ન કરવી.

# દેશમાં કોરોનાના કેસ ૭૮ લાખને પાર

### ૨૪ કલાકમાં ૫૩,૩૭૦ નવા કેસ, વધુ ૬૫૦ના મોત : રિકવરી રેટ ૯૦ ટકા નજીક : દેશમાં ૭૦ લાખથી વધુ દર્દીઓએ કોરોનાને આપી માત, મૃત્યુઆંક ૧,૧૭,૯૫૬, એક્ટિવ કેસ ઘટીને ૬,૮૦,૬૮૦ થયા



ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોનાના કેસો સતત ઘટી રહ્યાં છે. હાલ દેશમાં કોરોનાની સ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે. આંકડા પર નજર નાંખીએ તો, અત્યાર સુધી કુલ ૭૮ લાખથી વધુ લોકો સંક્રમિત થઈ ચૂક્યાં છે. જેમાંથી ૭૦ લાખથી વધુ લોકો સ્વસ્થ થઈ ગયા છે. આમ કુલ મળીને દેશમાં કોરોનાનો રિકવરી રેટ ૯૦ ટકાની નજીક પહોંચ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૩,૩૭૦ નવા કેસ સામે આવ્યાં છે. જ્યારે આજ સમયગાળા દરમિયાન ૬૫૦ લોકોના મરણ નોંધાયા છે.

આમ નવા કેસ ઉમેરાવાની સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને કુલ ૭૮,૧૪,૬૮૨ પર પહોંચી ચૂકી છે. જ્યારે દેશમાં કોરોનાથી સ્વસ્થ થનારા દર્દીઓની સંખ્યામાં પણ ઝડપથી વધારો થઈ રહ્યો છે. દેશમાં અત્યાર સુધી કુલ ૭૦,૧૬,૦૪૬ લોકો કોરોનાને માત આપવામાં સફળ રહ્યાં છે. દેશમાં એક્ટિવ કેસોની વાત કરીએ તો, આ આંકડો ઘટીને ૬,૮૦,૬૮૦ પર પહોંચી ગઈ છે.

દેશમાં કોરોનાથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૬૭,૫૪૯ દર્દીઓ સારવાર બાદ સ્વસ્થ થઈ જતાં તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે. જેને મળીને રિકવરી રેટ ૮૯.૭૮ ટકા થઈ ગયો છે.

# ચીની સૈનિકો ફક્ત ફોટોગ્રાફ્સ ખેંચાવા માટે બંદૂકમાં નિશાન તાકે છે

### લદાખમાં યુધ્ધાભ્યાસની ચીનની પોલ ખુલી ગઈ : ચીનની સેના યુધ્ધાભ્યાસની તસવીરો શેર કરીને ફસાઈ ગઈ : સોશિયલ મીડિયા ઉપરની તસવીરો ટ્રોલ થઈ

નવી દિલ્હી, તા. ૨૪

લદાખમાં ઘણી વખત ભારતીય સરહદની નજીક યુદ્ધાભ્યાસની તસવીરો અને વીડિયો શેર કરીને મનોવૈજ્ઞાનિક દબાણ બનાવાની કોશિષ કરનાર ચીનના દુષ્પ્રચારની પોલ ખુલી ગઈ છે. ચીને સરકારી ટીવી ચેનલ સીસીટીવી દ્વારા તિબેટીયન ક્ષેત્રમાં ૪૭૦૦ મીટરની ઉંચાઈ પર ચીની સેનાના યુદ્ધાભ્યાસની તસવીરો શેર કરીને પોતે જ ખરાબ રીતે ફસાઈ ગયો છે. હવે ચીની સેના (પીએલએ)ની આ તસવીરો સોશિયલ મીડિયા પર જોરદાર ટ્રોલ થઈ રહી છે.

ખરેખર ચીનની સત્તાવાર ટીવી ચેનલ સીસીટીવી દ્વારા શેર કરેલી તસવીરો બતાવે છે કે ચીની સૈનિક ગોળી ચલાવવા માટે નિશાન સાંધી રહ્યા છે. તેમાં સૈનિક રાઈફલમાં લાગેલા પેરિસ્કોપને જોઈ નિશાન સાધી રહ્યા છે. આ તસવીર ખેંચવામાં ચીની દુષ્પ્રચાર તંત્રથી મોટી ભૂલ થઈ ગઈ છે. ખરેખર ચીની સૈનિકો ફક્ત ફોટોગ્રાફ્સ ખેંચાવા માટે નિશાન સાંધી રહ્યા હતા. ચીની સૈનિકો જે સમયે નિશાન બનાવતા હતા તે સમયે તેમના પેરિસ્કોપમાં રબરનો આગળનો ભાગ ઝૂકેલો હતો. આવી સ્થિતિમાં ચીની સૈનિકો પેરિસ્કોપ વગરનું નિશાન સાધી રહ્યા હતા અને દાવો કરી રહ્યા હતા કે તેઓ અસલમાં નિશાન લગાવી રહ્યા છે. રબરનો ભાગ ઝૂકેલો હોવાથી ચીની સૈનિકોનું સટીક નિશાન સાંધવું અશક્ય હતું.

આ અભ્યાસ પર સીસીટીવીએ દાવો કર્યો હતો કે ચીની સૈનિકો ૪૭૦૦ મીટરની ઉંચાઈ પર લક્ષ્ય સાંધી રહ્યા છે. ઓસિન્ટ નિષ્ણાત કર્નલ વિનાયક ભટ્ટે ચીની સૈનિકોના નકલી અભ્યાસનો પર્દાફાશ કર્યો છે.

# યૂરોપમાં કોરોના ફરી વકર્યો ૧૦ દિવસમાં બમણા કેસો

### અમેરિકામાં કોરોના બેક : ૮૦ હજાર પોઝિટિવ કેસ નોંધાયા : બ્રિટનમાં કોરોના કેસ વધતાં લોકડાઉન લાગુ કરાયું, ફ્રાન્સમાં રેકોર્ડ ૪૨૦૦૦ પોઝિટિવ કેસ નોંધાયા

વોશિંગ્ટન/લંડન,તા.૨૪

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તમામ દાવા છતાંય અમેરિકામાં કોરોના વાયરસ ફરીથી વિકરાળ રૂપ ધારણ કરી રહ્યા છે. અમેરિકામાં શુક્રવારના રોજ અંદાજે ૮૦ હજાર નવા કેસ સામે આવ્યા જે મહામારીની શરૂઆત બાદ સૌથી વધુ છે. અમેરિકાના ૩૮ રાજ્યોમાં કોરોનાથી સ્થિતિ ખરાબ છે. બીજીબાજુ ફ્રાન્સમાં પણ કોરોના વાયરસના રેકોર્ડ ૪૨૦૦૦ નવા કેસ સામે આવ્યા છે. બીજીબાજુ બ્રિટનમાં પણ કોરોના વાયરસ ખરાબ રીતે ફેલાઈ રહ્યો છે, જેના કારણે સખત લોકડાઉન લાગૂ કરવું પડયું છે.

કોરોના વાયરસથી અમેરિકામાં અત્યાર સુધીમાં ૨,૨૯,૨૮૪ લોકો માર્યા ગયા છે અને ૮,૭૪૬,૯૫૩ લોકોને ચેપ લાગ્યો છે. કોરોના વાયરસના નવા કેસો નોંધાયા હોવાથી અમેરિકા અને ફ્રાન્સ બંનેમાં હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા વધી રહી છે. ફ્રાન્સમાં કોરોના વાયરસથી અત્યાર સુધીમાં ૩૪,૫૦૮ લોકોનાં મોત નીપજ્યાં છે.

તો દુનિયાભરમાં કોરોના વાયરસથી કુલ મોતની સંખ્યા વધીને ૧૧,૪૯,૨૨૯ થઈ ગઈ છે.

દરમ્યાન કોરોના વાયરસના ચેપના કેસોમાં થયેલા વધારાને નિયંત્રિત કરવાના પ્રયત્નો વચ્ચે શુક્રવારથી લાખો બ્રિટનવાસીઓ લોકડાઉનના સખ્ત પ્રતિબંધ હેઠળ આવી ગયા છે. વેલ્સમાં પણ સંપૂર્ણ લોકડાઉન લાગૂ કરી દેવામાં આવ્યું છે.

## સમગ્ર રૂપાલ ગામ સૂમસામ














રૂપાલ સૂમસામ - પ્રસિદ્ધ રૂપાલ પલ્લીના મેળા પરના પ્રતિબંધના પગલે રૂપાલ ગામ સૂમસામ લાગે છે... મંદિરનું પરિસર હોય કે ગામનું બજાર હોય કે, બસ સ્ટેન્ડરનો વિસ્તાર હોય કે માતાજીનું ગર્ભગૃહ હોય... સર્વત્ર નિરવ શાંતિ વર્તાતી હતી... પરંપરાગત પલ્લીનો મેળો અને પલ્લીરથની પ્રદક્ષિણા નહિ યોજવાના નિર્ણયને પગલે સમગ્ર ગામના બજાર અને મંદિરના પરિસરમાં ગામવાસીઓ સિવાય પ્રવેશ બંધી લદાતા ગામ સૂમસામ ભાસે છે...

# રાજ્યમાં કોરોનાના વધુ ૧૦૨૧ કેસ

### ૨૪ કલાકમાં ૧૦૧૩ દર્દીઓ સાજા થયા : અત્યાર સુધીમાં કુલ ૫૬૯૧૩૭૨ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૪૮૫૮૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૩

રાજ્યમાં કોરોના વાયરસના ૧ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૦૨૧ નવા કેસ સામે આવતા કુલ સંક્રમિતોની સંખ્યા ૧ લાખ ૬૬ હજાર ૨૫૪ થઈ ગઈ છે. તો છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૬ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં મૃત્યુઆંક ૩૬૮૨ પર પહોંચી ગયો છે. ગુજરાતમાં કોવિડ-૧૯ની સારવાર બાદ છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૧૩ દર્દીઓ સાજા થયા છે. રાજ્યનો રિકવરી રેટ ૮૯.૩૭ ટકા છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં સુરત શહેરમાં સૌથી વધુ ૧૬૮ કેસ સામે આવ્યા છે. અમદાવાદ શહેરમાં ૧૬૪, વડોદરા શહેરમાં ૭૫, સુરત ગ્રામ્ય ૬૯, રાજકોટ શહેર ૬૭, વડોદરા ગ્રામ્ય ૪૨, રાજકોટ ગ્રામ્ય ૩૬, મહેસાણા ૨૯, સાબરકાંઠા ૨૬, સુરેન્દ્રનગર ૨૨, બનાસકાંઠા ૨૦, અમરેલી ૧૯, ભરૂચ ૧૮, ગાંધીનગર શહેર ૧૫, મોરબી ૧૫, પંચમહાલ ૧૫, ગાંધીનગર ગ્રામ્ય ૧૪, પાટણમાં ૧૪, કચ્છ અને અમદાવાદ ગ્રામ્યમાં ૧૩-૧૩, જામનગરમાં ૧૧, આણંદ, ગીર સોમનાથ, ખેડા અને નર્મદામાં ૧૦-૧૦ કેસ નોંધાયા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના મહામારીને કારણે વધુ ૬ લોકોએ જીવ ગુમાવ્યો છે. જેમાં અમદાવાદમાં ૨, સુરતમાં ૨, ગાંધીનગર અને સુરત ગ્રામ્યમાં એક-એક દર્દીઓના મૃત્યુ થયા છે. આ સાથે રાજ્યમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૩૬૮૨ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે.

ગુજરાતમાં આજની તારીખે એક્ટિવ કેસોની સંખ્યા ૧૩૯૮૩ છે. જેમાં ૭૧ દર્દીઓ વેન્ટિલેટર પર છે.

## રાજ્યમાં ધોરણ ૩થી ૮ની એકમ કસોટી ૨૬થી ૨૮ દરમિયાન યોજાશે

ગાંધીનગર

રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨૯મી ઓક્ટોબરથી દિવાળી વેકેશન જાહેર કરાયું છે. દિવાળી વેકેશનની જાહેરાત બાદ એકમ કસોટીની તારીખમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ ધોરણ ૩થી ૮ની એકમ કસોટી ૨૭થી ૨૯ ઓક્ટોબર દરમિયાન લેવાની હતી. જો કે, હવે પરીક્ષા ૨૬થી ૨૮ ઓક્ટોબર દરમિયાન લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પરીક્ષાને આડે હજી ત્રણ દિવસ છે ત્યારે શિક્ષણ વિભાગે પ્રશ્નપત્રો પણ જાહેર કરી દીધા છે. જેથી ઘણી શાળાઓ નિયત તારીખ પહેલા પરીક્ષા લઈ શકશે. તો અમુક શાળાઓએ વેકેશનમાં કાપ મૂક્યો છે અને ૫ નવેમ્બરથી વેકેશન શરૂ કરવાની જાહેરાત કરી છે.

રાજ્યમાં હાલ કોરોના મહામારીના કારણે વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. ઓનલાઈન અભ્યાસ શરૂ કર્યા બાદ શિક્ષણ વિભાગે દર મહિને એકમ કસોટી લેવાનું નક્કી કર્યું હતું. જે મુજબ ત્રણ એકમ કસોટી યોજાઈ ચૂકી છે અને ચોથી એકમ કસોટીથી ૨૭-૨૯ ઓક્ટોબર વચ્ચે લેવાની જાહેરાત કરાઈ હતી.

## મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલું...

પગભર પણ થઈ છે. કોઈ શિક્ષિકા, પોલીસ કે અન્ય સરકારી નોકરીઓમાં પસંદ થઈને આજે પોતાના પરિવારનું ભરતપોષણ કરે છે. આ બધી એવી અભાવગ્રસ્ત બાળાઓ હતી કે જેમના માટે કક્કાનો ''ક'' એક સ્વપ્ન સમાન હતો પરંતુ અહીં વિનામૂલ્યે ભણીને પરિવારની તારણહાર બની છે. એક નાની બાળકીનો અહીં પગ પાકતા એને ઘેર જવાનું પૂછ્યું તો પોતાના મા બાપ પાસે જવા રાજી ના થઈ. તેણે કહ્યું કે મને ઘેર રોજ મારવામાં આવે છે અને રોજ ભીખ માંગીને સો રૂપિયા લાવવાનું કહે છે. તેથી ઘેર નથી જવું. પછી એ બાળકીની સારવાર કરી. લાખ રૂપિયાનો ખર્ચ થયો પણ ડૉકટરે વાત જાણતા ફીમાં મોટી રાહત આપેલી.

અહીં આ સંસ્થામાં ૨૦૦૮માં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા શરું થઈ. પાંત્રીસ જેટલા શિક્ષકોના સ્ટાફ સાથે આ સંસ્થાની લોકચાહના આજુબાજુના ગામોમાં પ્રસરતી હતી પરંતુ નવી ખાનગી અંગ્રેજી મિડિયમની શાળાઓ ખૂલતા આજના વાલીઓને અંગ્રેજીનું આકર્ષણ હોવાથી ધીમે ધીમે વિદ્યાર્થીઓ બીજી સ્કૂલોમાં જવા લાગ્યા. સંખ્યા ઘટતી ગઈ. ટ્રેઈન થયેલા અનુભવી સારા શિક્ષકોને બીજી સ્કૂલોમાં સારી ઓફર થતા જવા લાગ્યા, બે વર્ષ સ્કૂલને ખોટ સહન કરીને પણ ચલાવી.

આ સંસ્થા ધીમે ધીમે શિક્ષણની સાથે સાથે આરોગ્ય ક્ષેત્રે પણ વિકસતી રહી છે. લોકોને આરોગ્યની સારી સુવિધા મળે એ હેતુથી ૧૯૯૮માં ૧૪ રૂમની એક હોસ્પિટલ બનાવી. આ માટે નગરપાલિકાનું જુનું દવાખાનું ખંડેર હાલતમાં હતું તે નગરપાલિકાએ આ સંસ્થાને સોંપતા રિનોવેશન કરીને હોસ્પિટલનું ઉદઘાટન શ્રી રમેશ ઓઝાના હસ્તે કરાવ્યું. આ સંસ્થા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ, નેત્રયજ્ઞ અને સ્વાસ્થ્ય નિદાન કેમ્પના આયોજન અવારનવાર થતા રહે છે. આ હોસ્પિટલમાં એકાદ હજાર જેટલી બહેનોની ડિલિવરી પણ કરવામાં આવી છે.

સમગ્ર સંસ્થાનું સંચાલન શ્રી ઘનશ્યામભાઈ દવે પુરી નિષ્ઠા અને સેવાભાવનાથી કરી રહ્યા છે. તેઓએ એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે અમારે હજીયે હળવદ અને આજુબાજુના ગામોને એક આધુનિક હોસ્પિટલ આપવી છે. જેમાં બધી જ સુવિધાઓ મળી રહે. શ્રી ઘનશ્યામભાઈ દવેની સાથે શ્રી રમણિકભાઈ રાબડિયા, રાજુભાઈ દવે (બકાભાઈ), ધર્મેન્દ્ર દવે અને ગિરીશ દવે પણ આ સેવાયજ્ઞમાં પુરેપુરો સહયોગ આપી રહ્યા છે.

આ સંસ્થાના શિક્ષણ અને સંસ્કારની સાચી સફળતા એ છે કે અહીંથી શિક્ષિત થયેલ વિદ્યાર્થીઓમાંથી અત્યાર સુધીમાં ૨૮ ડોકટર્સ થયા છે. ૭૦ જેટલા એન્જિનિયર્સ થયા છે અને અહીંની છાત્રા પ્રાપ્તિ પંચોલી સી.એ.ની પરીક્ષામાં ગુજરાતમાં પ્રથમ અને ભારતમાં ત્રીજા નંબરે પાસ થઈ છે. આ સરસ્વતી શિશુમંદિર અને રાષ્ટ્રીય શિક્ષણ સેવા સંસ્થાનમાં અધિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી પ્રિયંકા જોશી કહે છે કે અહીં હોદ્દાથી નહીં પ્રેમથી કામ કરીએ છીએ. તો વળી આ જ સ્કૂલમાં અભ્યાસ કરીને આજે અહીં જ શિશુવાટિકામાં પ્રધાનાચાર્ય તરીકે ફરજ બજાવતા ગીતાબેન ધોળકિયા કહે છે કે આ સ્કૂલને કારણે મારી અંદરની શક્તિ બહાર આવી અને હું શિક્ષિકા બની શકી. જ્યારે આ જ શાળામાં અભ્યાસ કરનાર અને હાલ છેલ્લા સાત વર્ષથી આ જ શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા ઊર્મિલા સીતાપરા કહે છે કે અહીંયા શિક્ષણની સાથે પારિવારિક ભાવનાનો વિકાસ થાય છે. દરેક વ્યક્તિ હળીમળીને કામ કરે છે.

આમ રાષ્ટ્રીય ભાવનાની સાથે શિક્ષણ, સેવા, સંસ્કાર અને સમર્પણના પાઠ ભણાવનાર સરસ્વતી શિશુમંદિરને હજીયે સમગ્ર રાષ્ટ્ર કક્ષાએ વિકાસશીલ બનાવવાની ખેવના એના સ્થાપક અને ટ્રસ્ટીશ્રી ઘનશ્યામભાઈ દવે રાખે છે અને આ માટે તેઓ છેલ્લા ૩૨ વર્ષથી તમામ સંઘર્ષોનો સામનો કરીને પણ પોતાની અંદર રાષ્ટ્રીયતાની અખંડ જ્યોતને પ્રજ્વલિત રાખીને નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહ્યા છે.

સંપર્ક : ઘનશ્યામભાઈ દવે – ૯૨૨૮૨ ૭૧૬૦૧ (હળવદ)

## લોકાર્પણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વધુ ઉત્સુકતા જૂનાગઢવાસીઓમાં છે. સીએમ વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે ખેડૂત, ખેતી અને ગામડું સમૃદ્ધ કરવા માટે સરકાર કામ કરી રહી છે. કિસાન સૂર્યોદય યોજના મારફતે ૧૦૫૫ ગામડાના ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવશે. પીએમ નરેન્દ્ર મોદીની જ્યોતિગ્રામ યોજનાના કારણે ગુજરાત ૨૪ કલાક વીજળીથી ઝળહળતું છે. આ સરકાર ખેડૂતોની સરકાર છે. રોપવે મુદ્દે જણાવ્યું હતું કે રોપવે મારફતે વધુને વધુ લોકો ગિરનારના દર્શન કરે તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ડોળીવાળા ભાઈઓને પણ યાદ કરૂ છું. લાખો લોકોને દર્શન કરાવુ પુણ્યનું કામ કર્યું છે. ગુજરાત હંમેશા નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે જે માર્ગ બતાવ્યો એ માર્ગ પર જ આગળ વધી રહ્યું છે. રોપવે ઉપરાંત કિસાન સૂર્યોદય યોજનાનું ઈ લોકાર્પણ પણ આજે પીએમ નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું છે. કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત જૂનાગઢ, દાહોદ, ગીર સોમનાથ અને પાટણ જિલ્લાના ૧૦૦૦થી વધુ ગામડાને આવરી લેવામાં આવ્યા છે. ગુજરાત રાજ્યના ૧૭.૨૫ લાખ ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે. આ યોજના અંતર્ગત ખેડૂતોને સવારના ૫થી રાત્રીના ૯ વાગ્યા સુધી વીજળી આપવામાં આવશે.